કયારેક મિત્ર શત્રુ અને શત્રુ મિત્ર બની જાય છે કેમ કે સ્વાર્થ બહુ બળવાન છે
- વેદવ્યાસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૮૨ | ૨૫ ડિસેમ્બર, ૨૦૧૪, ગુરવાર ; પોષ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેરમાં રહેણાંક વિસ્તારના સફાઈ દર યથાવત

## વાણિજ્ય વિસ્તારમાં માસિક રૂ. ૯૦ના દરે વસુલાત કરાશે : રંગમંચોના ભાડાના દરમાં તેમજ ડિપોઝીટ દરમાં વધારો કરાયો : સે.૨૨માં બે માળનું મકાન બને તેવા નકશા અંદાજો રજૂ કરવા તાકિદ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ આજે રહેણાંક વિસ્તાર માટેના સફાઈ દરમાં વધારો કરવાની કમિશનરની દરખાસ્ત ફગાપી દીધી છે તો વાણિજય વિસ્તારમાં તે માસિક રૂ. ૯૦ના દરે વસુલ કરવાનો નિર્ણય કર્યો છે.

સ્થાયી સમિતિના ચેરમેનશ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં આજે મળેલ બેઠકમાં કમિશનરશ્રીએ સફાઈ વેરો રહેણાંક વિસ્તારમાં દૈનિક રૂપિયા બે લેખે વસુલવા તેમજ વાણિજ્ય વિસ્તારમાં રૂપિયા ૪ના દરે વસુલવાની દરખાસ્ત પર ગંભીર ચર્ચાઓ થઈ હતી. જો કે સ્થાયી સમિતિએ રહેણાંક વિસ્તારમાં સફાઈના દરમાં હાલ સુધારો કરવાનું મુનાસિબ માન્યુ નથી. અને કમિશનરની દરખાસ્ત ફગાવી દીધી હતી.


જો કે સ્થાયી સમિતિએ વાણિજ્ય વિસ્તારમાં દૈનિક રૂ. ૪ની વસુલાત સામે વિરોધ કર્યો હતો. પરંતુ કમિશનરની દરખાસ્તમાં આંશિક સુધારો કરી રૂ. ૩ લેખે આ વેરો વસુલવાનો નિર્ણય કર્યો હતો.

બેઠકને અંતે પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી દવેએ જણાવ્યું હતું કે, સપાઈ વેરાના નવા દર ૧-૧-૧૫થી અમલી બનશે. જે લોકોએ એડવાન્સ ટેક્સ ભરી દીધો છે તેમને માટે ૧-૪-૧૫થી નવા દર અમલી બનશે.

રહેણાંક વિસ્તારમાં સફાઈ વેરાના દર માટે દબાણ હોવાનો ઈન્કાર કરતાં તેમણે જણાવ્યું હતું કે, અમારી વિચારણામાં બાબત છે અને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય થશે.

આજની બેઠકમાં મનપા દ્વારા વસુલવામાં આવતા અન્ય વેરાઓ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

ભવ્ય નજારો - વિધાનસભા-સચિવાલય સંકુલની સામે વિકસીત કરાયેલ સ્વર્ણિમ પાર્કમાં ફુવારાના ટેસ્ટીંગ સમયે અદભૂત નજારો સર્જાયો હતો... જાણે નદી કિનારે સચિવાલય હોય એવું ભવ્ય દશ્ય ઉભું થયું હતું. હજુ તો ફુવારા પર લાઈટીંગના શેડ પડતાં આ દશ્ય વધુ ભવ્ય બનશે... આઠ મીટર ઉંચે ઉડતા ડાન્સીંગ ફુવારા લાઈટીંગ અને મ્યુઝિકની ફલેવર ઉમેરાતા નગરનું સોહામણું પીકનીક પોઈન્ટ બની જશે... વાયબ્રન્ટ સમિટના પગલે નગરના અનેક સર્કલો પર ફુવારા તો નિર્માણ થઈ રહ્યા છે પરંતુ સ્વર્ણિમ પાર્કના ફુવારા નગરની એક નવી ઓળખ બની જશે.

# ગાંધીનગર છ દિવસ માટે 'નો ફલાઈંગ ઝોન' જાહેર કરાશે

## વાઈબ્રન્ટમાં મહાનુભાવોની સુરક્ષાને પગલે ૭ થી ૧૨ જાન્યુઆરી સુધી ગાંધીનગરથી એરપોર્ટ રોડ વિસ્તારમાં 'નો ફલાઈંગ' : વીવીઆઈપીની સલામતીનાં કારણોસર નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા. ૨૪

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ગાંધીનગર ખાતે દેશનાં વડાપ્રધાન, રાષ્ટ્રપતિ સહિત અન્ય દેશોના વીવીઆઈપી મહાનુભવ આવનાર છે તેમની સુરક્ષા અને સલામતીના પ્રશ્નને લઈ ગાંધીનગર શહેરથી અમદવાદ એરપોર્ટ સુધીનો વિસ્તાર 'નો ફલાઈંગ ઝોન' જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૭મી જાન્યુઆરીથી ૧૨મી જાન્યુઆરી સુધી છ દિવસ માટે આ વિસ્તારમાં વીવીઆઈપી સિવાય અન્ય કોઈના વિમાન ફરી શકશે નહીં...!

પ્રવાસી ભારતીય દિવસ અને વાઈબ્રન્ટ સમિટની ઉજવણી ગાંધીનગરમાં થનાર છે. આ દિવસોમાં ગાંધીનગર ખાતે દેશના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ ઉપરાંત જાણીતા ઉદ્યોગપતિઓ તથા વિદેશથી અનેક વીવીઆઈપી મહાનુભાવો આવનાર છે જેને લઈ અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર સુધી વીવીઆઈપી વ્યકિતઓની અવર જવર નોંધનીય રહેશે. પીડીપીયુ, મહાત્મા મંદિર, એકઝીબીશન સેન્ટર સહીતના વિસ્તારોમાં કાર્યક્રમો ફીકસ થયેલા છે તે ઉપરાંત રાજભવન અને સરકીટ હાઉસમાં પણ વીવીઆઈપીની અવર જવર રહેશે. જેને પગલે સુરક્ષાને ધ્યાને લઈ આ વિસ્તારો ઉપરાંત ગાંધીનગરથી અમદાવાદ એરપોર્ટ રોડ વિસ્તાર 'નો ફલાઈંગ ઝોન' જાહેર કરવાનો નિર્ણય લેવાયો છે. ૭ થી ૧૨ જાન્યુઆરી સુધી છ દિવસ માટે આ વિસ્તારો 'નો ફલાઈંગ ઝોન' જાહેર કરવા નિર્ણય લેવાયો છે.

# વાઈબ્રન્ટમાં મહાનુભાવો માટે નવી ૨૨૫ બોલેરોનો ઉપયોગ કરાશે

## વીવીઆઈપીનાં પાયલોટીંગ, એસ્કોર્ટીંગ તથા મહેમાનોને લાવવા-લઈ જવા પોલીસની આ બોલરો વપરાશે : વાઈબ્રન્ટ બાદ તમામ જિલ્લાઓમાં બોલેરો ફાળવી દેવાશે

ગાંધીનગર, તા. ૨૪

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ગાંધીનગર ખાતે સંખ્યાબંધ વીવીઆઈપી મહેમાનોનું આગમન થનાર પૈકી જે જે મહેમાનોના કન્ફર્મેશન આવે છે તે લીસ્ટ આઉટ કરીને પોલીસ દ્વારા પાયલોટીંગ-એસ્કોર્ટીંગ સહીતની વ્યવસ્થા નક્કી કરાઈ રહી છે. કયા



છે. તેમના પાયલોટીંગ-એસ્કોર્ટીંગ માટે નવી નક્કોર ૨૨૫ બોલેરો જીપનો ઉપયોગ કરવામાં આવનાર છે. ગૃહ વિભાગ દ્વારા ગુજરાત રાજય પોલીસ માટે મંજુર કરજામાં આવેલી આ ૨૨૫ બોલેરો જીપોનો વાયબ્રન્ટ સમિટ દરમિયાન ઉપયોગ કર્યા બાદ વિવિધ જિલ્લાઓમાં ફાળવી દેવામાં આવશે. આ બોલેરોનો ઉપયોગ મહેમાનોને લાવવા લઈ જવા માટે પણ કરવામાં આવશે.

સુરક્ષા અને સલામતીના કારણોસર પોલીસ તમામ પાસાઓ વિચારીનો વીવીઆઈપી મહાનુભાવોની સુરક્ષામાં કોઈ છીંડા રહી ન જાય તેનું ખાસ ધ્યાન રાખી રહી છે. વીવીઆઈપી મહાનુભાવો મહેમાનના પાયલોટીંગમાં કયાં અધિકારીની ટીમ જશે તે નામ જોગ યાદી તૈયાર કરીને સુરક્ષાની બાબતોનું માઈક્રો પ્લાનીંગ કરાઈ રહ્યું છે. ત્યારે વીવીઆઈપી મહેમાનોના પાયલોટીંગ-એસ્કોર્ટીંગ માટે નવી નકકોર ૨૨૫ બોલેરો ફેરવવામાં આવનાર છે. આ બોલેરોનો ઉપયોગ મહેમાનોને લાવવા લઈ જવામાં તથા પેટ્રોલીંગ માટે પણ કરવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટ સંપન્ન થયા બાદ બોલેરો જીપો રાજયના તમામ જિલ્લાના પોલિસ વિભાગને ફાળવી દેવામાં આવશે જે પૈકી ગાંધીનગર જિલ્લાને પણ નવી ૮ બોલેરો જીપ મળશે. હાલ આ ૨૨૫ બોલેરો જીપ ગાંધીનગર ડીએસપી કચેરી ખાતે મુકી દેવામાં આવી છે.



(તસવીર : દિપક જાની)

ઉજવણીનો ઝળહળાટ - નાતાલ પર્વની ઉજવણીનો માહોલ શહેરમાં બુધવારની સાંજથી અનુભવાય છે... નગરના દેવળોને રોશનીથી સુશોભિત કરાયા છે... ખ્રિસ્તી પરિવારો વહેલી સવારથી જ ચર્ચના સુશોભનમાં જોતરાયા હતા. નાતાલ પર્વ નિમિત્તે વહેલી સવારથી જ નગરના બધા જ દેવળોમાં પ્રાર્થના યોજાશે અને શુભેચ્છાની આપ-લે થશે... મેરી ક્રિસમસ...

# અડાલજની વાવ અને સાયન્સ સીટીમાં ટેન્ટ બનાવવાનો પ્રોજેકટ પડતો મુકાયો

## અતિથિ દેવો ભવ ની ભાવના સાથે હોમ સ્ટે યોજના

ગાંધીનગર, તા. ૨૪

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી અડાલજની વાવ અને સાયન્સ સીટી ખાતે અદ્યતન ટેન્ટસ બનાવવાનો પ્રોજેકટ પડતો મુકાયો છે. વાઈબ્રન્ટ દરમિયાન આવનારા વિદેશી ડેલીગેટસ સહીતના અન્ય મહેમાનોને રહેવા માટે ટેન્ટ બનાવવા વિચારણા હાથ ધરવામાં આવી હતી. બીજી તરફ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા અતિથિ દેવો ભવની ભાવના સાથે હોમ સ્ટે યોજના પણ જાહેર કરવામાં આવી છે.

આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ને અનુલક્ષી યુધ્ધના ધોરણે તૈયારીઓ ચાલી રહી છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશના પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિ ઉપરાંત અન્ય ચાર દેશોના પી.એમ. સહીત વિદેશી ડેલીગેટસ ગાંધીનગરના મહેમાન બનવાના છે. આ ઉપરાંત ભારતીય પ્રવાસી દિવસની ઉજવણી દરમિયાન પણ દેશના વિવિધ રાજયોમાંથી ૧૫ જેટલા મુખ્યમંત્રી સહીત મહાનુભાવો ગાંધીનગર આવવાના છે. પી.ડી.પી.યુ. ખાતે યોજાનારી સી.ઈ.ઓ. કોન્કલેવમાં પણ વિશ્વની શ્રેષ્ઠ કંપનીઓના એમ.ડી. ઉપસ્થિત રહેશે. મહાનુભાવો સાથે અન્ય મહેમાનોના કાફલાને ગાંધીનગરમાં આતિથ્ય સત્કાર આપવા સમગ્ર સરકારી તંત્ર કામે લાગ્યું છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન મહેમાનોના રોકાણ માટે ૩ હજાર રૂમની જરુરિયાત હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જયારે આ સંદર્ભે કેટેગરી મુજબની જરુરી વ્યવસ્થાને ધ્યાને લઈ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા કેટલાક ઠેકાણે ટેન્ટ બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અડાલજની વાવ અને સાયન્સ સીટીના વિસ્તારમાં પણ ટેન્ટ બનાવવાની કાર્યયોજના તૈયાર કરવામાં આવી હતી પંરતુ ટેન્ટ બનાવવાનો પ્રોજેકટ આખરે પડતો મુકાયો છે.

# બેસણું



અમારા પૂજ્ય **પિતાશ્રી કનૈયાલાલ ઓધવજી વ્યાસ (કે. ઓ. વ્યાસ)** તા. ૨૨/૧૨/૨૦૧૪ સોમવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્ગતનું બેસણું તા. ૨૫/૧૨/૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન**
**પ્લોટ નં. ૧૨૯૫/૧**
**સેક્ટર-૭/ડી, ગાંધીનગર**
**ફોન : ૦૭૯-૨૩૨૩૦૩૫૯**

**ચિરાગ કે. વ્યાસ (પુત્ર)**
**ચેતન કે. વ્યાસ (પુત્ર)**







Mom's Kitchen Restaurant

Christmas Special Food Coupen

D.J. Music Dance with Santa Claus

| | | |
|---|---|---|
| 1 | Pearson Dinner | 160/- |
| 2 | Couple Dinner | 290/- |
| 4 | Member Family Package | 540/- |
| 6 | Member Group Package | 750/- |
| 10 | Member Friends Package | 1100/- |

Menu

- Soup
- Starter
- Paneer Sabji
- Veg. Sabji
- Roti/Nan
- Dal Fry
- Jeera Rice
- Salad
- Papad
- Butter Milk
- 1 Serve Sweet
- 1 Serve Ice-Cream

Unlimited

Swagat Rain Forest - 1, Kudasan
Mo. 8905457532, 9723861141